જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૭/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૦૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૨	૧	૧૧૬૩૩	૧૭૭૪૩	૧	૧૭૭૪૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૧	૦	૧૦૧	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૪૬૯૪	૨૧૨	૬૪૯૦૬	૬૫૨૯૯	૨૧૦	૬૫૫૦૯
કુલ		૮૧૧૫૯	૨૧૩	૮૧૩૭૨	૮૯૬૬૧	૨૧૧	૮૯૮૭૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૮	૨,૨૬,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૦૭	૧૩,૦૭,૦૦૦/-

પ્રોહીબીશન ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ નંગ-૪૪૪ કિ.રૂ.૨,૫૭,૫૨૦/- તેમજ ફોરવ્હીલ ગાડી-૧,ઓટોરિક્ષા-૧ તથા મોબાઈલ ફોન નંગ-૪ મળી કુલ કિ.રૂ.૧૭,૪૬,૫૨૦/- મત્તાના વિદેશીદારૂના મુદ્દામાલ સાથે ચાર આરોપીને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી મિલાપ પટેલ સાહેબ “કે” ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ આપેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રોહી બુટલેગર તથા ચોરીછુપીથી પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર અવાર નવાર વોચ રાખી રેઈડ કરી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના માણસોને સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પો.કો.મહેશકુમાર બાબુલાલ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ નાઓને બાતમી હકિકત મળેલ કે ધર્મકુંજ એપાર્ટમેન્ટની સામે આવેલ બાવળની ઝાડીવાળા મેદાનમાં સિરાજુલહસન મહેંદીહસન અંસારી તથા નલીન કાંતિભાઈ સોલંકી નાઓ તેના મળતીયા માણસો સાથે રાખી વગર પાસ પરમિટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો બહારથી મંગાવી સગેવગે કરે છે .જે વિદેશીદારૂ હેરાફેરી કરવા સારૂ તેમના કેટલાક માણસો વાહનો લઈ આવેલ છે .“ જે આધારે પંચો રૂબરૂ રેઈડ કરતા આરોપીઓ (૧) સિરાજુલહસન મહેંદીહસન જાતે અંસારી ઉ.વ.૨૪ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૩૧,અલમાસપાર્ક સોસાયટી,ગ્રીનપાર્ક સોસાયટીની પાસે આકૃતિ ટાઉનશીપની બાજુમાં નારોલ અમદાવાદ શહેર (૨) નલીન ઉર્ફે નયન કાંતિભાઈ જાતે સોલંકી ઉ.વ.૨૧ ધંધો.વેપાર રહે.મ.નં.બી/૧૦૧ આકૃતિ ટાઉનશીપ વિભાગ-૦૧ નંદનવન હાઈટસની બાજુમાં નારોલ અમદાવાદ શહેર (૩) વિશ્વરાજસિંહ દિલીપસિંહ જાતે ચૌહાણ ઉ.વ.૨૨ ધંધો.ખેતીકામ રહે.રાજપુત શેરી સાયલા ગામ તા.સાયલા તા.સાયલા જી.સુરેન્દ્રનગર (૪) સંજયભાઈ મધુભાઈ જાતે વાસફોડા ઉ.વ.૩૦ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.મ.નં.ઈ/૨૨, શક્તિનગર, જયનગરની બાજુમાં રંગોલીનગર નારોલ અમદાવાદ શહેરનાઓને રેઈડ દરમ્યાન ભારતીય

બનાવટના વિદેશીદારૂની ૭૫૦ મીલીની કાચની સિલબંધ બોટલ નંગ.૪૪૪ કિ.રૂ.૨,૫૭,૫૨૦ -/ તથા એક કિયા કંપનીની સેલ્ટોસ ફોરવ્હીલ ગાડી નં.જીજે.૨૭.ડીબી.૩૫૯૭ ની કિ.રૂ.૧૪,૦૦,૦૦૦/- તથા ઓટોરિક્ષા નં.જીજે.૨૭.ડબલ્યુ.૫૭૯૮ ની કિ.રૂ.૭૦,૦૦૦ -/મોબાઈલ ફોન નંગ-૪ કિ.રૂ.૧૯૦૦૦/ -મળી કુલ્લે કિ.રૂ.૧૭,૪૬,૫૨૦/ -ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો મળી આવેલ જેથી ઉપરોકત પકડાયેલ આરોપીઓ તથા વિદેશીદારૂનો જથ્થો લાવી આપનાર નહી પકડાયેલ આરોપીઓ સંજયભાઈ સુરાભાઈ સાનીયા રહે.સાયલા જી.સુરેન્દ્રનગર તથા જગદીશ ઉર્ફે હની વેલાભાઈ મીર રહે.સાયલા જી.સુરેન્દ્રનગર તથા તપાસમાં મળી આવે તે તમામ આરોપીઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટે-સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૧૯૧/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫)એ)(ઈ (૬૬)બી (૧૧૬)બી) ૮૧ ૯૮(૨(મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૮/૦૭/૨૦૨૧





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૩૦૭/૨૦૨૧**

ઓઢવઃ રાધીકાબહેન વા/ઓ અશ્વિનકુમાર પદમશાળી (રહે. તેજેન્દ્રનગર સોસાયટી વિરાટનગર રોડ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૧ સાજના ૫/૩૦ થી તા.૧૮/૦૭/૨૦૨૧ બપોરના ૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૮૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૩૦૮/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ મહર્ષીભાઇ ભગીરથભાઇ સોમપુરા (રહે. શ્રીહરી ગલી ફળીયા પટેલની શેરી નજીક તા.ખંભાત જી.આણંદ)એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન બોડકદેવ સિંધુભવન રોડ ન્યુ એલ.જે.કોલેજ સામે જેડ પાર્ટી પ્લોટની બાજુમા પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી એપલ કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા એરફોર્ડ પ્રો કિમત રૂપિયા ૨૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

કૃષ્ણનગરઃ ધનજીભાઇ મુળજીભાઇ પટેલ (રહે. ધરણેન્દ્રનગર આદિશ્વર કેનાલ પાસે નવા નરોડા કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૧ બપોરના ૨/૧૫ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન જન સેવા કેંદ્ર મનોહરવીલા ચાર રસ્તા પાસે ઉદય ગ્રીન પાર્ટી પ્લોટ ખાતે લગ્ન પ્રસંગમાં સોફા ઉપરથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૪૨,૦૦૦/- તથા ચાંદીનો કમર જુરો નંગ-૧ કિમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૭,૦૦૦/- ભરેલ થેલી અજાણ્યો છોકરો નજર ચુકવી ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ચૌહાણ ચલાવે છે.

શહેરકોટડાઃ જૈમીન હસમુખભાઇ પટેલ (રહે. અનમોલ રેસીડેન્સી વિ-૪ ઘોડા કેમ્પ રોડ શાહીબાગ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૮/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન મેમ્કો ગોપી સિનેમા પાસે આવેલ જાગૃતિ ફાઉન્ડ્રી નામના ભઠ્ઠી ખાતાના કારખાનામા કામ કરતા આરોપી (૧) રાહુલ ગણપતભાઇ પટેલ અને (૨) શૈલેષ છનાભાઇ પટેલ (બંને રહે. નવા નરોડા) કારખાનામાંથી લોખંડના બીડનો જથ્થો ૧૫૦૦ કિલોગ્રામ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વિ.પી.ચૌધરી ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૩૦૯/૨૦૨૧**

રખીયાલઃ રખીયાલ લાલમીલ ચાર રસ્તા સાદાબ ફર્નીચરની દુકાન ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા મુસીરઆલમ અમાનઉલ્લા રાજપુત (ઉ.વ.૩૦)(મુળ વતન. ઘોસાના જી-હાસપુર યુ.પી.) તા.૧૮/૦૭/૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે રખીયાલ "સાદાબ ફર્નીચર" ખાતે લાકડામાં ડ્રીલ મશીનથી હોલ પાડતા હતા ત્યારે વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રખીયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુનીલકુમાર રૂપાજી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૧૦/૨૦૨૧**

ઇસનપુરઃ મિતેશભાઇ પ્રવિણભાઇ ખત્રી (ઉ.વ.૩૮) (રહે. સતાધારનગર સોસાયટી વિશાલનગર ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની જાળી સાથે નાઇલોનની પટ્ટી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

અમરાઇવાડીઃ રૂષભભાઇ ગણપતભાઇ વાઘેલા (ઉ.વ.૨૧) (રહે.સ્લમ કવાટર્સ ટોરેન્ટ પાવર સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે રસોડામાં છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી